ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### સામાજિકજીવનની તંદુરસ્તી સામે તગડો પ્રશ્નાર્થ

# જિલ્લામાં બે વર્ષમાં આત્મહત્યાના ૪૫૪ બનાવો

### શહેરમાં આત્મહત્યાના ૫૯ બનાવો : ચોરીના ૧૩૧ : ઘરફોડ ચોરીના ૪૬ ખુનના ૩ બનાવો

ગાંધીનગર શહેર અને તાલુકામાં ચોરી ઘરફોડ ચોરી ચેઈન સ્નેચીંગ અને બળાત્કારના છેલ્લા એક વર્ષમાં કેટલા બનાવ બન્યા ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના પ્રશ્નના ઉત્તરમાં ગૃહ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ શહેરમાં ચોરીના ૧૩૧ ઘરફોડ ચોરીના ૪૬ ચેઈન સ્નેચીંગનો એક અને બળાત્કારના ત્રણ બનાવ બન્યા છે.જયારે તાલુકામાં ચોરીના ૭૩ ઘરફોડના ૩૧ ચેઈન સ્નેચીંગના ૮ તેમજ બળાત્કારના ૨ બનાવો નોંધાયા છે. આ માટે સરકારે શુ કાર્યવાહી કરી તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યા મુજબ આ પ્રકારના ગુન્હા અટકાવવા માટે સોસાયટી , મોલ,બજાર રહેઠાણ બાગ બગીચાવાળી જગ્યાઓ પર સઘન પેટ્રોલીંગ અને વાહનોનુ ચેકીંગ કરવામાં આવે છે.જયારે રાત્રિ દરમિયાન શહેરમાં પ્રવેશવાના નાકાઓ ઉપર તેમજ બ્રીજના છેડાઓ પર રેલવે સ્ટેશન અને બસ સ્ટેશનો સહીતની પોઈન્ટ પર સઘન પોલીસ ચેકીંગ કરવામાં આવે છે. જયારે સુરક્ષા સેતુ સોસાયટી મારફત લોક સંપર્ક વધારવામાં આવે છે. ભાડુઆતો અને ઘરઘાટીની નોંધણી કરવામાં આવે છે. જયારે જાહેર સ્થળો પર સી સી ટી વી કેમેરા પણ લગાવાયા છે. જયારે માણસાના ધારાસભ્ય સુરેશ પટેલના પ્રશ્ન સંદર્ભે પણ ગૃહમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં બે વર્ષમાં આત્મહત્યાના ૪૫૪ બનાવો નોંધાયા છે. જેમાં શહેરમાં ૫૯ બનાવોનો પણ સમાવેશ થાય છે. જયારે શહેર સહીત જિલ્લામાં ખુનના ૩૪ બનાવો ખુનની કોશિશના ૫૭ બનાવો નોંધાયા છે. જયારે બે વર્ષમાં ૫૪૦ ગુન્હાઓ ઉકેલવામાં આવ્યા છે. આ ગુન્હાઓ સંદર્ભે ૨૮૮ ની ધરપકડ કરવામાં આવી છે. જયારે ૭૨ કિસ્સામાં ધરપકડ બાકી છે.

ગાંધીનગર જિલ્લામાં દારુની હેરાફેરી કરતા કેટલા વાહનો બે વર્ષમાં પકડાયા માણસાના ધારાસભ્ય સુરેશ પટેલના પ્રશ્ન સંદર્ભે ગૃહ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૬ દરમિયાન દેશી દારૂની હેરાફેરી કરતા ૪૫ વાહનો , વિદેશી દારૂની હેરાફેરીમાં ૧૩૨ અને બિયરની હેરાફેરીમાં ૧૮ વાહનો પકડાયા છે. જયારે વર્ષ ૨૦૧૭ દરમિયાન ૧૯૪ વાહનો પકડયા છે. છેલ્લા બે વર્ષમાં કુલ ૩૮૯ વાહનો દારુની હેરાફેરીમાં ઝડપાયા છે. જેમાંથી લાખો રૂપિયાનો દારુ પકડાયો છે. જયારે પકડાયેલા ઈસમો વિરૂધ્ધ ગુનો દાખલ કરી પ્રોહી ૯૩,૨૧ વિરુધ્ધ તડીપાર પાસાના અટકાયતી સહીતના પગલા લેવાયા છે.

- **જિલ્લામાં હથિયાર પરવાના મેળવવા માટે બે વર્ષમાં એકપણ અરજી ન મળી**

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં હથિયાર પરવાના મેળવવા માટે કેટલી અરજીઓ મળી કલોલના બળદેવજી ઠાકોરના પ્રશ્ન સંદર્ભે આપેલા જવાબમાં ગૃહ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ સરકારને આ મામલે એકપણ અરજી મળી નથી.

● અનુસંધાન પાન-૭ પર



પદ્મશ્રી એવૉર્ડ - સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર શ્રી એસ. એસ. રાઠૌરને રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદના વરદ હસ્તે પદ્મશ્રી એવૉર્ડ એનાયત કરાયો હતો... શ્રી એસ. એસ. રાઠૌર ગુજરાત સરકારના જળસંપત્તિ અને માર્ગ-મકાન વિભાગમાં વર્ષો સુધી સંનિષ્ઠ સેવા આપી ચુક્યા છે... તેમની ઉજ્જવળ કારકિર્દી અને વિકાસ - કલ્યાણ માટેની પ્રતિબદ્ધતાની કદર સ્વરૂપે ભારત સરકારે પદ્મશ્રી એવૉર્ડ આપી સન્માનિત કર્યા હતા...

# વિધાનસભામાં આજે અધ્યક્ષ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ

### ભાજપ કોંગ્રેસ વચ્ચેની ફોર્મ્યુલા નિષ્ફળ જતા છેવટે અવિશ્વાસના પ્રસ્તાવને એજન્ડામાં સમાવેશ કરાયો : છેલ્લી ઘડીના સમાધાનના પ્રયાસો

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત વિધાનસભાના પ્રથમ વાર અધ્યક્ષ બન્યા હોય અને તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત આવી હોય તેવો પ્રથમ પ્રસંગ વિધાનસભામાં બનવા જઈ રહ્યો છે. વિપક્ષ કોંગ્રેસ દ્વારા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી સામે અવિશ્વાસની દરખાસ્ત આવતીકાલ ૨૨ માર્ચના રોજ સભાગૃહોમાં રજૂ થશે. કોંગ્રેસના સીનીયર ધારાસભ્ય શૈલેશ પરમાર દ્વારા આ દરખાસ્ત રજૂ થવાની છે. વિધાનસભાના ૨૨મી માર્ચના એજન્ડામાં પ્રશ્નોત્તરી બાદ આ દરખાસ્ત રજૂ થશે ત્યારે સામસામે આક્ષેપ અને પ્રતિ આક્ષેપથી સભાગૃહોમાં ભારે ઉત્તેજના સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે. દરમ્યાનમાં આ પ્રસ્તાવને ટાળવા માટે અને સમાધાનની કોઈ ફોર્મ્યૂલા નક્કી કરવા સત્તા પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસના અગ્રણીઓ વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક આ લખાય છે ત્યારે ચાલી રહી છે. જો સમાધાન થઈ જશે તો આવતીકાલે અવિશ્વાસનો પ્રસ્તાવ કોંગ્રેસ દ્વારા રજૂ કરવામાં નહિ આવે એમ મનાય છે કે સમાધાનની ફોર્મ્યૂલા લગભગ નિશ્ચિત છે અને ગમે ત્યારે તેની જાહેરાત થઈ શકે છે. સામાન્ય રીતે વિધાનસભામાં અધ્યક્ષ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ બને ત્યાં સુધી લાવવામાં આવતો નથી અને જો કોઈ એવી પરિસ્થિતિ સર્જાય તો તેને ટાળવાનો પ્રયત્ન થાય છે. વિધાનસભાના હાલના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી પ્રથમવાર ધારાસભ્ય થયા અને પ્રથમવાર અધ્યક્ષ બન્યા પરંતુ તેમના કેટલાક નિર્ણયોને લઈને તેઓ વિવાદમાં મુકાઈ ગયા છે. કોંગ્રેસના ૨ ધારાસભ્યોને ત્રણ વર્ષ માટે એક ધારાસભ્યને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવાના અધ્યક્ષના નિર્ણયથી કોંગ્રેસ ભારે નારાજ થઈ છે અને તેના પગલે કોંગ્રેસે અધ્યક્ષ ભેદભાવ રાખે છે અને તેમને પદ પરથી દૂર કરવા જોઈએ. એવો એક પ્રસ્તાવ વિધાનસભામાં આવતી કાલ ૨૨ માર્ચના રોજ રજૂ થવાનો છે.

વિધાનસભામાં હાલમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ભારે ખેંચતાણ ચાલી રહી છે. ખાસ કરીને પ્રતાપ દુધાત અને અમરેશ ડેર નામના બે ધારાસભ્યોને ૩ વર્ષ માટે સસ્પેન્ડ કરવાથી કોંગ્રેસ ભારે નારાજ છે. આ સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રયાસો હાથ ધરાયા હતા.

# ધો-૧૦માં ગણિતની પરીક્ષા ફરી લેવા માટે સદસ્યોની રજુઆત

### બોર્ડની ભુલના લીધે ગુજરાતના લાખો વિદ્યાર્થીઓને અન્યાય ન થવો જોઇએ : સદસ્યો ● માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષે સદસ્યોની માંગણીને ફગાવી દીધી : પરીક્ષા ફરી નહીં લેવાય : અધ્યક્ષ

ગાંધીનગર તા ૨૧

ધોરણ -૧૦ માં ગણિતનુ પેપર બલ્યુ પ્રિન્ટ આધારિત કોઈ ધારા ધોરણ જળવાયા નથી પ્રકરણ મામલે પ્રશ્નોનો ગુણભાર જળવાયો નથી. માધ્યમિક શિક્ષણ બોર્ડની ભુલના લીધે ગુજરાતના વિદ્યાર્થીઓ હતાશ થાય તે યોગ્ય નથી તેવી રજુઆત સાથે આજે માધ્યમિક શિક્ષણ બોર્ડના સદસ્યો દ્વારા બોર્ડના અધ્યક્ષને ગણિત વિષયની પરીક્ષા ફરીથી લેવા રજુઆત કરી છે. જો કે માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ એ જે શાહે ગણિતના પેપરની પરીક્ષા ફરી લેવાની માંગણીને ફગાવી દીધી છે.

માધ્યમિક શિક્ષણ બોર્ડના સદસ્ય ડો નિદત્ત બારોટ અને ડો પ્રિયવદન કોરાટે અધ્યક્ષને રજુઆતમાં જણાંવ્યા મુજબ છેલ્લા ઘણાં સમયથી ભાર વિનાના ભણતરની વાતો વચ્ચે શિક્ષણનુ સ્તર સુધારવાના પ્રયાસો થતા હોવાની વાતો થાય છે. ત્યારે ગુજરાતમાં ૧૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ ગણિત વિષયની પરીક્ષા આપી છે. ગઈકાલે લેવાયેલી ગણિતની પરીક્ષામાં પ્રાથમિક દ્રષ્ટીએ ગંભીર રીતે પેપર સેટરની ભુલ થઈ હોવાનુ સ્પષ્ટ થાય છે. વિદ્યાર્થીઓ બલ્યુ પ્રિન્ટ આધારિત પ્રશ્ન પુછાય તેવી અપેક્ષા હોય છે. જયારે સમગ્ર વર્ષ દરમિયાન પણ આ પ્રકારની તૈયારી કરી હોય છે. જયારે પ્રશ્નપત્રમાં દાખલા તેમજ થિયરી કેવા પ્રકારના પુછાશે તેનો ખ્યાલ મેળવી ને જ તૈયારી કરી હોય છે. જયારે વિદ્યાર્થીઓને શાળાઓ દ્વારા જે પ્રકારે તૈયારી કરવાનુ સુચવાયુ હોય તે મુજબ જ પરીક્ષાનુ પ્રશ્નપત્ર તૈયાર થાય તેવી અપેક્ષા હોય છે. મુખ્ય પ્રશ્નપત્રમાં પ્રશ્નો ક્રમ સરળથી કઠિન તરફનો હોય છે. પરંતુ ગણિતના પેપરમાં આનાથી વિપરિત અસર જોવા મળી છે. પ્રશ્નપત્રમાં સેકશન એ જે પ્રમાણમાં સરળ હોવુ જોઈએ તેના બદલે કઠીન છે.

નિષ્ણાંતોના મત મુજબ ગ્રેસિંગનો વિકલ્પ અપનાવાથી પણ વિદ્યાર્થીઓને ન્યાય મળશે નહીં પરંતુ પરીક્ષા રદ કરી બીજીવાર પરીક્ષા લેવાય તે અનિવાર્ય છે. ધોરણ -૧૦ માં ગણિતની પરીક્ષા રદબાતલ ગણી લાખો વિદ્યાર્થીઓના હીતમાં ગણિત વિષયની પરીક્ષા ફરી લેવા પણ રજુઆત કરવામાં આવી છે. જો કે આ માંગણી સંદર્ભે બોર્ડના અધ્યક્ષે ગણિતની પરીક્ષા ફરી લેવાના મુદ્દે સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

# નવા સેકટરોમાં દુર્ગંધયુક્ત પાણી આવતુ હોવાની ફરિયાદ

### પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ સર્જાતા સ્થાનિકોના જન આરોગ્યને વિપરિત અસર થાય તેવા સવાલો પણ મંડરાયા છે

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં દુર્ગંધયુક્ત પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સે-૭ માં તેમજ સે-૫ માં દુર્ગંધયુકત પાણી આવતા રહીશોના આરોગ્ય સામે ખતરો મંડરાયો હોવાનો પણ આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરોમાં પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાની અનેકવાર ફરિયાદો પણ ઉઠવા પામે છે. પરંતુ છેલ્લા એક સપ્તાહથી સેકટરોમાં દુર્ગંધયુક્ત પાણી આવતુ હોવાની ફરિયાદો સેકટરવાસીઓ કરી રહયા છે. પરંતુ હજુ સુધી તંત્રને આ મામલે એકપણ ફરિયાદો ન મળી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

શહેરમાં આગામી ઉનાળા દરમિયાન પાણીનો કકળાટ પ્રવર્તે તેવા એંધાણ છે. ત્યારે સેકટરમાં ગરમીની ઋતુના પ્રારંભે જ પાણીના મુદ્દે ફરિયાદો શરૂ થઈ ગઈ છે. શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન ૫૮ એમ એલ ડી જેટલુ પાણી સપ્લાય કરવામાં આવે છે. નર્મદાના પાણી ઉપરાંત બોરના પાણીનો પણ સપ્લાયમાં ઉપયોગ કરવામાં આવે છે. જયારે સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. પરંતુ છેલ્લા એક સપ્તાહથી શહેરના કેટલાક સેકટરોમાં દુર્ગંધયુક્ત પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સે-૭ અને સે-૫ માં છેલ્લા કેટલાક દિવસોથી દુર્ગંધયુક્ત પાણી આવતુ હોવાનુ સ્થાનિકો જણાવી રહયા છે. પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ સર્જાતા સ્થાનિકોના જન આરોગ્યને વિપરિત અસર થાય તેવા સવાલો પણ મંડરાયા છે. સેકટરમાં દુર્ગંધયુક્ત પાણી આવતુ હોવાની ફરિયાદોના લીધે સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. જો કે તંત્રને આ મામલે હજુ સુધી એકપણ ફરિયાદ મળી ન હોવાનુ પણ જણાંવાયુ છે.

### જળ સંપત્તિ વિભાગ બેસે છે ત્યાં જ

# લિકેજને કારણે હજારો લીટર પાણીનો વેડફાટ થાય છે

ગાંધીનગર, તા. ૨૧

જળ બચાવો અભિયાનનું આયોજન ગાંધીનગરમાંથી સમગ્ર રાજ્ય માટે થાય છે પણ સમગ્ર રાજયમાં સૌથી વધુ પાણીનો વેડફાટ ગાંધીનગરમાં થાય છે. રાજ્ય સરકારને આ અંગેનો અહેવાલ પણ આપવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરના સૌથી મોટા વહીવટીય સંકુલ સરદાર પટેલ ભવનના બ્લોક નં. ૯માં જ્યાં જળસંપત્તિ વિભાગની જ કચેરી આવેલી છે તેની ડકમાં દિવસનું ઓછામાં ઓછુ ૫ હજાર લીટરથી પણ વધુ પાણી સતત લિકેજીસને કારણે વહી જાય છે. અહિ પાણી એટલુ જોશથી પડે છે કે તમે તે બ્લોકમાં આવેલા શૌચાલયોમાં શૌચક્રિયા માટે જવુ પણ મુશ્કેલ બની જાય તેવી સ્થિતિ છે.

ગાંધીનગરના આ સરદાર પટેલ ભવનના ઘણા બ્લોકોમાં પાણીનો અસહ્ય બગાડ થતો હોવાની ફરિયાદો ખુદ કર્મચારીઓ કરી રહ્યા છે. આ અંગે વારંવાર રજુઆતો પછી પણ તેની મરામતની કોઈ જ કાર્યવાહી ન થતી હોવાથી કર્મચારીઓ હવે નિરાશ બન્યા છે.





વન દિવસ - ગાંધીનગર જિલ્લા વન તંત્ર દ્વારા 'વન દિવસ'ની ઉજવણીના ભાગરૂપે શહેરના મુખ્ય માર્ગો પર જીવનમાં વનની મહત્તા દર્શાવતા પ્લેકાર્ડ સાથે રેલી યોજાઈ હતી... પર્યાવરણના સંતુલન માટે વન સમૃદ્ધિ અનિવાર્ય છે... સૌ સાથે મળીને વૃક્ષો વાવવા અને જતન માટે પ્રતિબદ્ધતા કેળવવી પડશે... એવું કહેવાય છે કે, વૃક્ષ છે તો પાણી છે... તો આવનારા પાણીના સંકટને ટાળવા પણ વૃક્ષો વાવીએ અને જતન કરીએ... તો જ પર્યાવરણ અને પાણીની સમસ્યામાંથી ઉગરી શકાશે...

# દહેગામ ખરીદ કેન્દ્ર દ્વારા ૧૦૯૬ ક્વીન્ટલ ઘઉંની ટેકાના ભાવે ખરીદી

### સંગ્રહ માટે ગોડાઉનની સંગ્રહ ક્ષમતા ઓછી પડવાથી નવુ ગોડાઉન ભાડે લેવાની તજવીજ હાથ ધરાઈ : જિલ્લામાં ઘઉંની આવકથી બજારો પણ છલકાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦૯૬ ક્વીન્ટલ ઘઉંની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી છે. ૧૫મીથી શરૂ થયેલી આ ખરીદી માટે હાલ નાગરિક પુરવઠા નિગમે માત્ર દહેગામ ખાતે જ આ કેન્દ્ર કાર્યાન્વીત કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ ખાતે શરૂ કરાયેલ ખરીદ કેન્દ્રના ગોડાઉનની ક્ષમતા પણ પૂર્ણ થઈ જવામાં છે અને તેની સંગ્રહશક્તિમાં વધારો કરવા માટે હવે બીજુ ભાડે ગોડાઉન લેવાનું પણ તંત્રના અધિકારીઓ દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે.

ઘઉંની કાપણીની મોસમના આરંભે જ રૂ. ૧૭૩૫ના ટેકાના ભાવે ખરીદ કરવાની જાહેરાત થતાં જ ખેડૂતો દ્વારા નાગરિક પુરવઠાના આ કેન્દ્ર પર વહેલી સવારથી જ લાઈનો લગાવી દેવામાં આવી રહી છે. નાગરિક પુરવઠા નિગમે પણ ખેડૂતોને રજીસ્ટ્રેશન કરાવવા તેમજ ૭-૧૨ના ઉતારા અને અન્ય જરૂરી ડોક્યુમેન્ટસ સાથે આવવા ખેડૂતોને જણાવ્યુ છે. જાકે કેટલાક કિસ્સામાં ખેડૂતો માત્ર ઉત્પાદન સાથે જ પહોંચી રહ્યાની હકીકતોથી તંત્રના અધિકારીઓ પણ સમજાવવામાં થાકી જતા હોય છે.

છેલ્લા બે દિવસમાં જ નિગમ દ્વારા ૬૦૦ ક્વીન્ટલથી વધુ ઘઉંની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં ૨૮ હજાર હેક્ટરથી પણ વધુ વિસ્તારમાં ઘઉંનું વાવેતર થયુ હતુ અને ૮૩ હજાર ક્વીન્ટલથી પણ વધુનું ઉત્પાદન થવાના અંદાજો છે. આ વખતે જિલ્લામાં ઘઉંના પાક માટે સાનુકૂળ વાતાવરણ મળી રહેતાં મબલખ ઉત્પાદન થવા પામ્યુ છે. જિલ્લામાં આમ તો ચારેય તાલુકામાં ખરીદ કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ હાલ તાત્કાલિક માત્ર દહેગામ ખાતે જ આ કેન્દ્ર શરૂ થયુ છે. અન્ય તાલુકાઓમાં પણ આ સપ્તાહમાં કેન્દ્રો શરૂ કરવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

# આખરે ભરતસિંહનો વિદેશ પ્રવાસ રદ

અમદાવાદ,તા. ૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીના રાજીનામાના વિવાદ વચ્ચે તેમનો વિદેશ પ્રવાસ આખરે રદ થયો છે. અગાઉ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી પંદર દિવસના વિદેશ પ્રવાસે જવાના હતા પરંતુ રાજીનામાના મુદ્દા બાબતે કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતે તેમની પાસેથી ખુલાસો પણ માંગ્યો હતો. બીજીબાજુ, આજે અચાનક પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી દ્વારા તેમનો વિદેશ પ્રવાસ રદ કર્યો હોવાની જાણકારી આપી હતી. જો કે, વિદેશ પ્રવાસ રદ કરવા પાછળના કારણમાં સોલંકીએ એવો બચાવ રજૂ કર્યો હતો કે, વિદેશમાં હાલ હિમવર્ષા અને બરફના તોફાનની પરિસ્થિતિ છે અને તેથી તેમણે પ્રવાસ રદ કર્યો છે. આ અંગે તેમણે ટવીટ્ પણ કર્યું હતું. ગુજરાત કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના રાજીનામાનો વિવાદ હાલ ચર્ચાની એરણે છે.

સ્થાનિક કાર્યકરોથી લઈ કોંગ્રેસના આગેવાન-નેતાઓમાં પણ નવી નેતાગીરીને લઈ અટકળો વહેતી થઈ છે. કોંગ્રેસ વર્તુળમાં ચાલતી ચર્ચા મુજબ, વિધાનસભા ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારા પોતાના કહેવાતા માણસો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં કૂણું વલણ દાખવવા બદલ કોંગ્રેસ

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત હેન્ડબોલ એસોસીએશન
પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



રતિન્દ્ર ડી. ચન્દા
જન્મ તા. ૨૬-૨-૧૯૬૦ ● સ્વર્ગવાસ તા. ૨૨-૩-૨૦૧૭
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
પ્રો. ભગુભાઈ ચૌધરી ● પ્રો. ડો. મનુભાઈ ભરવાડ ● શ્રી માધુભાઈ પટેલ
શ્રી પ્રવિણકુમાર સીંઘ ● ડો. જિજ્ઞાસા જે. વાઘેલા ● ડો. નિતા એન. ચૌહાણ
તથા સમસ્ત ગુજરાત હેન્ડબોલ રમત પરિવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com